# હૃદયરોગના હુમલા દરમિયાન જીવ બચાવી શકાય એવી સારવાર એટલે પ્રાઇમરી એન્જીઓપ્લાસ્ટી.



**સાવચેતીનાં પગલાં.....**

▲ દર્દીને હૃદયરોગનો હુમલો આવી રહ્યો હોય ત્યારે પ્રાથમિક સારવારના ભાગરૂપે લોહી પાતળું કરવાની દવા-ઇન્જેક્શન અને ઓક્સિજન મળવો ખૂબ જ જરૂરી છે. હાર્ટ એટેક આવ્યાના ત્રણ કલાકમાં દર્દીને સારવાર મળી જાય તો ખતરો ટાળી શકાય છે

**શાલિન :** ક્રિના, મને એસીડિટી થઇ હોય તેમ લાગે છે ? જરા ઠંડુ દુધ આપને ...

**ક્રિના :** શાલિન, તને આખા શરીરે પરસેવો કેમ થયો છે ?અને તું આમ હાંફી કેમ રહ્યો છે ?આ એસીડિટી નથી લાગતી આ તો એટેકની નિશાની છે.

**શાલિન :** ક્રિના ગાંડા જેવી વાત ના કર મને દૂધ આપ....

**ક્રિના :** તું ચૂપ રહે અને અહીં બેસ.

પોતાના સામાન્ય જ્ઞાનને કામે લગાડી ક્રિનાએ શાલિનને એસ્પિરીન નામની દવા પાણીમાં ઓગાળી આપી દીધી. સમયસૂચકતા વાપરીને ક્રિનાએ એમ્બ્યુલન્સ બોલાવી અને શાલિનને હોસ્પિટલમાં દાખલ કર્યો. ક્રિનાનું અનુમાન તદ્દન સાચું હતું. શાલિન માત્ર ૪૩ વર્ષનો હતો અને તેને એટેક આવ્યો હતો. સમયસર એન્જીઓગ્રાફી અને એન્જીઓપ્લાસ્ટી કરી ડોક્ટરોએ શાલિનનું જીવન બચાવી લીધું.અને શાલિનને કહ્યું કે તમારી પત્નીની સમયસૂચકતાને કારણે તમે શ્રેષ્ઠ સારવાર કરાવી શક્યા. એટલું જ નહીં, શ્રેષ્ઠ સારવાર કરાવવાથી હદયને નુકસાન પણ ન થયું. ખેર.., શાલિન જેવું ભાગ્ય દરેક હાર્ટ એટેકના દર્દીનું હોતુ નથી. હૃદયરોગના હુમલાને ગેસ-અપચો સમજી ન ગણકારનાર ત્રીસ ટકા લોકો સારવારને અભાવે મૃત્યુ પામે છે. વળી મોડેથી ખબર પડવાથી સારવાર મોડી મળે તેનાથી ૫ થી ૧૦% લોકોનું પણ મોત થાય છે.

**ડો. અનિશ ચંદારાણા** જેઓ સીમ્સ હોસ્પિટલમાં કાર્યરત નિષ્ણાત ઇન્ટરવેશનલ કાર્ડિયોલોજીસ્ટ છે તેમના મતે, હૃદયરોગની ગંભીરતા સમાજ સમજી રહ્યો નથી. દર્દીને હૃદય રોગનો હુમલો આવે ત્યારે તેના લક્ષણો જોઇ જો દર્દીને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવે તો તેનો જીવ બચાવી શકાય છે. દર્દીને હૃદયરોગનો હુમલો આવી રહ્યો હોય ત્યારે પ્રાથમિક સારવારના ભાગરૂપે લોહી પાતળું કરવાની દવા-ઇન્જેક્શન મળવી ખૂબ જ જરૂરી છે.
હાર્ટ એટેક આવ્યાના ત્રણ કલાકમાં દર્દીને સારવાર મળી જાય તો ખતરો ટાળી શકાય છે અને દવા લાગુ પડવાથી ધબકારા અને બ્લડપ્રેશર બંનેને કાબૂમાં રાખી શકાય છે. ત્યાર પછી એક-બે દિવસમાં એન્જીઓપ્લાસ્ટી કે બાયપાસ કરવાની જરૂર ઉભી થાય છે. દવા આપવા છતાં અમુક કિસ્સાઓમાં હૃદય કમજોર પડી જાય છે. તેથી જ આજના જમાનામાં નવી પદ્ધતિઓની શોધથી દર્દીને હૃદયરોગનો હુમલો ચાલુ હોય ત્યારે જ એન્જીઓગ્રાફી કરી એન્જીઓપ્લાસ્ટી દ્વારા હૃદયમાં સ્ટેન્ટ મુકવામાં આવે છે. આ ટેક્નોલોજી પ્રાઇમરી એન્જીઓપ્લાસ્ટી તરીકે ઓળખાય છે. આ સારવારથી ૯૬% દર્દીઓને ફાયદો થાય છે. ફરીથી હૃદયરોગ આવવાની શક્યતા ઘટે છે અને હૃદયની કાર્યક્ષમતા વધે છે.

આ પદ્ધતિમાં થોડું જોખમ જરૂર છે. પરંતુ જ્યારથી હૃદયરોગના મોટાભાગના લોકો હૃદયરોગના લક્ષણોની ગંભીરતા સમજી તાત્કાલિક હોસ્પિટલમાં પ્રાયમરી એન્જિઓપ્લાસ્ટી કરાવતા થશે ત્યારથી આ જીવલેણ બિમારીથી થતાં મૃત્યુ અને તકલીફો ઘટશે. ■

**CIMS** Care Institute of Medical Sciences At CIMS... we care

**સીમ્સ હોસ્પિટલ**
શુકન મોલ નજીક,
ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ.
**ફોન : ૦૭૯-૨૭૭૧ ૨૭૭૧-૭૫, ૩૦૧૦૧૨૦૦, ૩૦૧૦૧૦૦૮.** www.cims.me

**ડો. અનિશ ચંદારાણા**
એમડી, ડીએમ ( કાર્ડિઓલોજી)
ઇન્ટરનેશનલ કાર્ડિઓલોજીસ્ટ

મોબાઇલ નંબર:- ૯૮૨૫૦૯૬૯૨૨
email - anish.chandarana@cims.me

